# <u>કિસાન માધ્યમિક વિધાલય,લુણાવાડા</u>

## <u>સ્પે.ખેલ મહાકુંભ – ૨૦૧૮</u>

## <u>પ્રકાશ માટે દિવ્યાંગ હોવું અભિશાપ નથી.</u>

## શીંગ્નલી નો દિવ્યાંગ ખેડૂત પુત્ર દોડમાં રાજયકક્ષાએ પ્રથમ

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના શીંગ્નલી ગામના દિવ્યાંગ પુત્ર પ્રકાશ પટેલીયા એ ગુજરાત ખેલ મહાકુંભમાં **<u>૮00 મીટર દોડમા</u>** રાજયકક્ષાએ **<u>પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી</u>** જિલ્લાનું અને પોતાના પરિવાર,ગામ તેમજ શાળાનું નામ રોશન કર્યું છે.પ્રકાશે પોતાના મજબુત મનોબળ થકી દિવ્યાંગ હોવું એ અભિશાપ નથી એવું સાબિત કરી બતાવ્યું છે.શીંગ્નલી ગામમાં પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવતા રમેશભાઇ ના પરિવાર અને આ પરિવારના દિવ્યાંગ પુત્ર પટેલીયા પ્રકાશ આર જે લુણાવાડા ની **<u>કિસાન માધ્યમિક વિધાલયમાં દશમા ધોરણમાં અભ્યાસ કરે</u>** છે.પટેલીયા પ્રકાશ દિવ્યાંગ હોવા છતાં તેના માં વિવિધ રમતોમાં રૂચિ હતી.તેથી તેને ખેલ-મહાકુંભમાં દોડની હરિફાઇમાં ભાગ લેવડાવ્યો અને તેણે જિલ્લામાં નંબર પ્રાપ્ત કરી રાજયકક્ષાએ **<u>૮00 મીટર દોડમાં પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ</u>** મેળવ્યો છ. પટેલીયા પ્રકાશે પોતના પરિવારનું,શાળા તેમજ ગામનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યુ છે.શાળાના પ્રમુખશ્રી,આચાર્યશ્રી તેમજ શિક્ષકગણ ધ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

